# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૬/૫/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ચેમ્બરનો ૭૯મો પદગ્રહણ સમારોહ યોજાયો, વર્ષ ૨૦૧૯–૨૦ના પ્રમુખશ્રી કેતન દેસાઇ અને ઉપપ્રમુખશ્રી દિનેશ નાવડીયાએ પદભાર સંભાળ્યો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો ૭૯મો પદગ્રહણ સમારોહ આજરોજ સવારે ૧૦:૩૦ કલાકે સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે યોજાયો હતો. જેમાં વર્ષ ૨૦૧૯–૨૦ના ચેમ્બરના પ્રમુખશ્રી તરીકે શ્રી કેતન દેસાઇ અને ઉપપ્રમુખશ્રી તરીકે શ્રી દિનેશ નાવડીયાએ પદભાર સંભાળ્યો હતો.

આ પદગ્રહણ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે એલ એન્ડ ટી લિમિટેડના ગૃપ ચેરમેન શ્રી અનિલભાઇ એમ. નાયક ઉપસ્થિત રહયા હતા. જયારે હીઝ એકસીલેન્સ મિસ્ટર ચુતીન્ટોર્ન સેમ ગોન્ગસાકડી, એમ્બેસેડર ઓફ થાઇલેન્ડ, રોયલ થાઇ એમ્બેસી, નવી દિલ્હીએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યુ હતુ.

ચેમ્બરના વર્ષ ૨૦૧૮–૧૯ના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ આજના પદગ્રહણ સમારોહમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનની શરૂઆત પહેલા બે દિવસ અગાઉ વરાછા વિસ્તારમાં બનેલી આગની ઘટનામાં જીવ ગુમાવનાર નિર્દોષ વિદ્યાર્થીઓની આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળવા સર્વેને વિનંતી કરી હતી અને સર્વેએ બાળકોને શ્રદ્ધાંજલિ આપી તેઓની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે ચેમ્બર, ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી માટે નવા ભારતનું સર્જન કરવા તૈયાર છે. તેમણે ચેમ્બર દ્વારા કરવામાં આવેલી કામગીરીનો ટૂંકમાં અહેવાલ રજુ કરી વર્ષ ૨૦૧૯–૨૦ના પ્રમુખ શ્રી કેતન દેસાઇનો પરીચય આપી તેમને પ્રમુખ તરીકેની બાગડૌર સંભાળવા વિનંતી કરી હતી.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી પરેશ પટેલે શ્રી હેતલ મહેતાએ તેમના કાર્યકાળ દરમિયાન વેપાર – ઉદ્યોગના પ્રશ્નોના નિરાકરણ માટે જે અસરકારક રજુઆતો અને કામગીરી કરી હતી તે બદલ પ્રશસ્તીપત્રનો ઠરાવ કર્યો હતો. જેને સર્વે સભ્યોએ વધાવી લીધો હતો.

આજના પદગ્રહણ સમારોહમાં સૌથી મહત્વની બાબત એટલે વર્ષ ૨૦૧૯–૨૦ના પ્રમુખ તરીકે શ્રી કેતન પરાગજી દેસાઇ અને ઉપપ્રમુખ તરીકે શ્રી દિનેશ આર. નાવડીયાએ પદભાર સંભાળ્યો હતો. મંચ પર ઉપસ્થિત આમંત્રિત મહેમાનો સહિત સર્વેએ શ્રી કેતન દેસાઇ અને શ્રી દિનેશ નાવડીયાને અભિનંદન આપ્યા હતા.

શ્રી કેતન દેસાઇએ સર્વેનો આભાર વ્યકત કરી અને ચેમ્બરના પ્રમુખપદનો સ્વીકાર કરતા પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના કામ માટે તંદુરસ્ત વાતાવરણ ઉભું કરીશું. વેપાર – ઉદ્યોગને સતાવતા પ્રશ્નોના નિરાકરણ માટે સરકારશ્રીને સરળતાથી રજુઆતો કરીશું. નવી ટેકનોલોજીના અમલીકરણ સાથે વેપાર – ઉદ્યોગને લાંબાગાળાના લાભો અપાવીશું. આંતરરાષ્ટ્રીય બિઝનેસ ટુરનું આયોજન કરીશું તથા પ્રદર્શનો અને કાર્યક્રમો કરીશું. તેમણે વર્ષ દરમિયાન યાર્ન એક્ષ્પો, ઉદ્યોગ, પ્લાસ્ટીક એન્ડ પેકેજીંગ, મેડીકલ મશીનરીઓ માટે એકઝીબીશન, સ્પાર્કલ બીટુબી અને બીટુસી, આઇટી એન્ડ ઇલેકટ્રોનિક એક્ષ્પો, એજયુકેશન એક્ષ્પો, એમ્બ્રોઇડરી એક્ષ્પો, બિલ્ડીંગ એન્ડ હાર્ડવેર એક્ષ્પો તથા કૃષી ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા માટે ફૂડ અને એગ્રી એન્ડ એકવાકલ્ચર એક્ષ્પોનું આયોજન કરીશું તેમ જણાવ્યુ હતુ. વધુમાં તેમણે કહયુ કે ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી માટે વિવિધ કોન્કલેવ અને હેતુલક્ષી કાર્યક્રમની સાથે રિઝલ્ટ ઓરીએન્ટેશન કામ કરીશું. તેમણે ચેમ્બરના વર્ષ ૨૦૧૯–૨૦ના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાનો પરીચય આપી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

આ ઉપરાંત શ્રી કેતન દેસાઇએ વર્ષ ૨૦૧૯–૨૦ના ઓફિસ બેરર્સમાં ચેમ્બરના માનદ્‌ મંત્રી તરીકે શ્રી ધીરેન થરનારી, માનદ્‌ ખજાનચી તરીકે શ્રી શૈલેષ દેસાઇ અને લેડીઝ વીંગના ચેરપર્સન તરીકે શ્રીમતી પુર્વીબેન એમ. મહેતાની જાહેરાત કરી હતી.

આજના સમારોહના મુખ્ય મહેમાન શ્રી અનિલભાઇ એમ. નાયકે જણાવ્યુ હતુ કે, ઓઇલ અને ગેસ કાઢવા માટેના પ્લેટફોર્મ હજીરા ખાતે એલ એન્ડ ટી કંપની દ્વારા બનાવવામાં આવે છે. આથી હજીરા એટલે સુરત દુનિયાના નકશા ઉપર આવી ગયું છે. તેમણે કહયુ કે શહેરની ઇકોનોમીને ગામડામાં લઇ જવાની છે. ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી તો ખરી જ પણ રૂરલ ડેવલપમેન્ટ માટે પણ કામ કરવાનું છે. દેશના વિકાસ માટે એજયુકેશન અને મેડીકલ ઉપર ધ્યાન આપવાનું છે. કોઇપણ દેશ હોય કે ચેમ્બર જેવી સંસ્થા એને સારા કામો થકી આગળ લઇ જવા માટે સારા લીડરશિપ અને મેનેજમેન્ટની જરૂર પડે છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે તેઓ ભારત સરકારના નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન તરીકે કામ કરી રહયાં છે અને દેશના ચાર કરોડ યુવાઓને સ્કીલ્ડ કરવાના છે. જર્મનીમાં ૭૫ ટકા યુવાઓ કોલેજોમાં નહીં ભણતા પણ માત્ર પોતાની સ્કીલ ડેવલપ કરી રહયા છે. આથી લોકો, દેશની ઇકોનોમી અને દેશને આગળ લાવવા માટે ખૂબ જ મહેનત કરવી પડશે. તેમણે કહયુ કે, ધગશ અને કામ કરવાની વૃત્તિ હોય તો તમને કોઇ રોકી નહી શકે. કામ પ્રત્યે ડીવોશનલ, પેશન, કન્વીકશન અને કમિટમેન્ટ કરશો તો જ સકસેસ મળશે.


આજના સમારોહના અતિથિ વિશેષ થાઇલેન્ડ એમ્બેસેડર હીઝ એકસીલેન્સ મિસ્ટર ચુતીન્ટોર્ન સેમ ગોન્ગસાકડીએ આજના પદગ્રહણ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કરવા બદલ ચેમ્બરનો આભાર માન્યો હતો અને જણાવ્યુ હતુ કે તેઓ પ્રથમ વખત સુરત આવ્યા છે. ભારત અને થાઇલેન્ડના વર્ષોથી સારા સંબંધો રહયા છે. ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી માટે હાલમાં જ ચેમ્બર અને થાઇલેન્ડ વચ્ચે એમઓયુ થયા છે. સુરતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ થાઇલેન્ડ માટે ખૂબ જ મહત્વનું માર્કેટ છે. એવી રીતે જ ડાયમંડ પણ તેમના માટે મહત્વના છે. થાઇલેન્ડમાં પણ સુરતથાની છે. આથી સુરતથી સુરતથાની માટે સારો બિઝનેસ કરીશું. ભારતમાં પણ થાઇલેન્ડની જેવી જ સંસ્કૃતિ છે. વર્તમાન અને ભવિષ્યમાં ચેમ્બર સાથે મળીને સારુ કામ કરીશું.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ભારત ભવિષ્યમાં વિશ્વનું ઇકોનોમિક એન્જીન બનશે. થાઇલેન્ડનું ભારતમાં જેટલું રોકાણ છે એની સરખામણીમાં ભારતનું થાઇલેન્ડમાં ઓછું રોકાણ છે. આથી તેમની એવી ઇચ્છા છે કે ભારતની કંપનીઓ પણ થાઇલેન્ડમાં મોટાપાયે વિવિધ ઉદ્યોગોમાં રોકાણ કરે.

પદગ્રહણ સમારોહને અંતે વર્ષ ૨૦૧૯–૨૦ના ઉપપ્રમુખ તરીકે પદભાર સંભાળનાર શ્રી દિનેશ નાવડીયાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયુ હતુ.

**પ્રમુખશ્રી અને ઉપપ્રમુખશ્રીનો પરીચય આ સાથે બીડેલ છે.**

# વર્ષ ૨૦૧૯–૨૦૨૦ના પ્રમુખ શ્રી કેતન દેસાઇનો પરીચય



શ્રી કેતન પરાગજી દેસાઇ ટેક્ષટાઇલ ડાઇસ એન્ડ કેમિકલ અને મશીન ટૂલ્સના ટ્રેડીગમાં સફળ કારકિર્દી ધરાવે છે. તેમણે વર્ષ ૧૯૮૭માં B.sc., B.sc. (Tech)ની માસ્ટર ડીગ્રી મેળવી હતી. ત્યારબાદ અઢી વર્ષ સુધી પ્રોસેસીગ હાઉસમાં નોકરી કરી ટેક્ષટાઇલ ડાઇસ એન્ડ કેમિકલ, મશીન ટૂલ્સના ટ્રેડીગ અને લાઇફ ઇન્સ્યુરન્સના વ્યવસાયમાં વર્ષ ૧૯૯૦થી કાર્યરત છે.

ચેમ્બરમાં વર્ષ ૨૦૦૧માં સભ્ય તરીકે જોડાયા બાદ તેઓ વર્ષ ૨૦૦૯થી સક્રીય બન્યા હતા. ત્યારબાદ ચેમ્બરની મેનેજિંગ કમિટીમાં સતત દસ વર્ષ સુધી ચૂંટાયેલા સભ્ય તરીકે સેવા આપી છે. તેમણે વર્ષ ૨૦૧૭–૧૮માં ચેમ્બરના માનદ્ ખજાનચી તરીકે સેવા આપી હતી. વર્ષ ૨૦૧૮–૧૯ માટે ચેમ્બરના ઉપપ્રમુખ તરીકે તેઓ ચૂંટાઇ આવ્યા હતા અને ઉપપ્રમુખ તરીકે સેવા આપી હતી.

ચેમ્બરમાં વર્ષ ૨૦૧૪થી ત્રણ વર્ષ તેઓએ એકઝીકયુટીવ કોર કમિટીના સભ્ય તરીકે સેવા આપી હતી અને તે દરમિયાન કેમિકલ એન્ડ ફાર્મા, ઇન્ડસ્ટ્રીયલ ટૂર, ઇન્સ્યોરન્સ અને સ્પોર્ટ્સ જેવી વિવિધ કમિટીઓની પ્રવૃત્તિઓનું સંચાલન કર્યુ હતુ. તેમણે એકઝીબીશનની કન્સ્ટ્રકશન સહિત વિવિધ કમિટીઓમાં પણ સેવા આપી હતી. ચેમ્બરની મેમ્બરશિપ અને કેમિકલ એન્ડ ફાર્મા કમિટીના ચેરમેન તરીકે તથા સ્પોર્ટ્સ કમિટીના કો–ચેરમેન તરીકે પણ સેવા આપી હતી.

વર્ષ ૨૦૧૨માં તેમણે સાઉથ આફ્રિકા અને કેનિયામાં ચેમ્બરના બિઝનેસ ડેલિગેટ્સ તરીકે જોડાઇને ચેમ્બરનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ. વર્ષ ૨૦૧૮માં વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૯ના પ્રમોશન માટે તેમણે જર્મની, યુ.એ.ઇ. અને ઓમાન ગયેલા પ્રતિનિધિ મંડળમાં ચેમ્બરના પ્રતિનિધિ તરીકે સક્રીય ભાગ લીધો હતો.

સુરત કલર કેમિકલ મર્ચન્ટ એસોસિએશનમાં ચાર વર્ષ પ્રમુખ પદે સેવા આપી ચૂકયાં છે અને હાલ તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ તરીકેની સેવા આપી રહયા છે. તેમણે સુરતના કેમિકલ સેકટરના વિવિધ પ્રશ્નોની રાજય તથા કેન્દ્ર સરકાર સમક્ષ સફળતાપૂર્વક રજૂઆતો કરી છે.

અનાવિલ જ્ઞાતિની પિતૃ સંસ્થા શ્રી દયાળજી કેળવણી મંડળના મંત્રી અને ખજાનચી તરીકે સેવા આપી હતી. હાલમાં તેઓ શ્રી દયાળજી વિદ્યાર્થી સહાયક મંડળ અને અનાવિલ મિત્ર મંડળમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપી રહયા છે.

શહેરની પ્રતિષ્ઠિત સર પી.ટી. સાયન્સ કોલેજના એલ્યુમની એસોસિએશનના ફાઉન્ડર ટ્રેઝરર તરીકે વર્ષ ૨૦૦૮થી આજ સુધી સેવા આપી રહયા છે અને હાલમાં પી.ટી. સાયન્સ કોલેજની એડમિનિસ્ટ્રેટીવ કમિટીના કારોબારી સભ્ય છે.

તેમણે યુ.એસ.એ., જર્મની, ચેક રિપબ્લીક, હંગેરી, ઓસ્ટ્રીયા, સાઉથ આફ્રિકા, કેનિયા, ચાઇના, સિંગાપોર, મલેશિયા, થાઇલેન્ડ, યુ.એ.ઇ. અને ઓમાન જેવા દેશોની મુલાકાત લીધી છે.

# વર્ષ ૨૦૧૯–૨૦૨૦ના ઉપપ્રમુખશ્રી દિનેશ નાવડીયાનો પરીચય



હીરા ઉદ્યોગમાં ઝળહળતી કારકિર્દી ધરાવતા શ્રી દિનેશ રામજીભાઇ નાવડીયા વર્તમાનમાં ભારત સરકારના વાણિજય મંત્રાલય દ્વારા પુરસ્કૃત જેમ એન્ડ જવેલરી એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સીલમાં છેલ્લા ૪ વર્ષથી ગુજરાતના પ્રાદેશિક અધ્યક્ષ તરીકે કાર્યરત છે. તેમના કાર્યકાળ દરમિયાન સુરત જ નહી પણ ગુજરાતના નાના શહેરો અને તાલુકાઓ સુધી પહોંચી તેમણે નાના અને મધ્યમ કદના યુનિટો માટે વિશેષ પ્રોજેકટની સ્થાપના કરી છે.

સુરતની વિખ્યાત ટીકુ જેમ્સ પેઢીના તેઓ ભાગીદાર છે અને સુરત ઉપરાંત મુંબઇ, બેલ્જીયમ અને સાઉથ આફ્રિકા સુધી તેમનું કાર્યક્ષેત્ર ફેલાયેલું છે.

તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી B.A. અને ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદમાંથી M.S.W.ની માસ્ટર ડીગ્રી મેળવી છે. દેશમાં શિક્ષણ અને સ્વાસ્થ્યનું સ્તર ઉચું આવે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. નવી પેઢી ભણતર અને ટેકનીકલ સ્કીલમાં આગળ વધે તે માટે ‘કૌશલ્યમ’ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર ગુજરાતમાંથી ૧૦૦૦થી વધુ યુવાઓને તાલિમ પ્રદાન કરવામાં તેમનું આગવું યોગદાન રહયું છે.

સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ તરીકે સતત ૬ વર્ષ અને માનદ્ મંત્રી તરીકે સતત ૭ વર્ષ સુધી સેવા આપી છે. રત્નકલાકારો અને તેમના વેલફેર માટે તથા હીરા ઉદ્યોગના ઉત્કર્ષ માટે તેમનું નોંધનીય યોગદાન રહયું છે.

તેઓ હાલમાં સુરત ડાયમંડ એસોસીએશન સંચાલિત RSTV હોસ્પિટલની આરોગ્ય સમિતિના મંત્રી તરીકે, ધનવંતરી ફાર્મસી એન્ડ ડિપ્લોમા એન્જીનિયરીંગ કોલેજના કો–ઓર્ડીનેટર તરીકે, આકાર એજયુકેશન ટ્રસ્ટ તથા શિવમ એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ તરીકે તથા આયુર્વેદિક હોસ્પિટલ, શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા ટ્રસ્ટ અને આશાદીપ સ્કૂલ ઓફ ગૃપના ટ્રસ્ટી તરીકે વિશેષ સેવા આપી રહયા છે.

સુરતની જેમ એન્ડ જવેલરી ઇન્ડસ્ટ્રીને ‘નોટબંધી’ અને ‘જીએસટી’ અંતર્ગત સતત માર્ગદર્શન આપી સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરી તેના નિવારણ લાવવામાં તેમજ આ વ્યવસાય સાથે સંકળાયેલા તમામને બિઝનેસ બેસ્ટ પ્રેકટીસિસ તરફ આકર્ષવામાં તેઓએ સવિશેષ ભૂમિકા ભજવી છે.

જાહેર જીવનનો બહોળો અનુભવ ધરાવતા શ્રી નાવડીયા વિશ્વ હિંદુ પરિષદના દક્ષિણ ગુજરાત પ્રાંતના પ્રમુખ તરીકે સમાજસેવાના કાર્યમાં પોતાનું યોગદાન આપી રહયા છે.

વેપારી સંગઠનો અને સેવાકીય સંસ્થાઓ સાથે વર્ષોથી સંકળાયેલા શ્રી નાવડીયા સંગઠનની શકિતમાં વિશ્વાસ અને જીવનમાં હકારાત્મક અભિગમ ધરાવે છે. વેપાર હોય કે સમાજ તેઓ પ્રત્યેક સ્તરે સમરસતા આવે, ઉદ્યોગો વિકસે, દેશનો સર્વાંગી વિકાસ થાય, સમાજ તમામ ક્ષેત્રે તંદુરસ્ત બને અને તે માટે વેપાર ઉદ્યોગો, સરકાર અને નાગરિકો એક મંચ પર આવી કામ કરે તેવી દૂરંદેશી દાખવે છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથે તેઓ વર્ષોથી સંકળાયેલા છે અને ‘સ્પાર્કલ ૨૦૧૮’ પ્રદર્શનના ચેરમેન તરીકે બી ટુ બી કન્સેપ્ટ સાથે પ્રદર્શનને ભવ્ય સફળતા અપાવી હતી.

ગત વર્ષ તથા બે વર્ષ પહેલાના વાઇબ્રન્ટ ગુજરાત ડેલીગેશનમાં તેમણે સભ્ય તરીકે મુલાકાત લીધી છે.

તેમણે યુ.એસ.એ., જર્મની, ફ્રાન્સ, સ્વીત્ઝર્લેન્ડ, અમેરિકા, યુનાઇટેડ કીંગડમ, યુનાઇટેડ આરબ અમિરાત, સાઉથ આફ્રિકા, કોન્ગો, મોઝાંબીક, સિંગાપોર, મલેશિયા, થાઇલેન્ડ, દુબઇ, ઇજિપ્ત, મોરોકકો, રશિયા અને શ્રીલંકા જેવા દેશોની મુલાકાત લીધી છે. ચેમ્બરના વર્ષ ૨૦૧૯–૨૦ માટે ઉપપ્રમુખ તરીકે તેઓ ચૂંટાઇ આવ્યા છે.